# શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા સલાડ ડેકોરેશન ડીશ બનાવવાની ઓનલાઈન પ્રવૃતિ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૮ ના વિધાર્થીઓ માટે ૯મી નવેમ્બરે સલાડ ડેકોરેશન ડીશ બનાવવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કઠોળ અને શાકભાજી નો ઉપયોગ કરીને બાળકોએ સલાડ ડેકોરેશન ડિશ બનાવી હતી. બધા જ વર્ગના કુલ ૧૧૭ વિધાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વાલીશ્રીઓએ પણ આ પ્રવૃતિ અંગે સકારાત્મક અભિપ્રાય આપી આ પ્રવૃતિને આવકારી હતી. આ સાથે શિક્ષિકાબેનઓ એ બાળકો ને સ્વાસ્થ માટે સલાડ નું મહત્વ સમજાવ્યું હતું.



શાળાનાં આચાર્ય નીલાબેન પટેલે માતા પિતાનાં સહયોગથી ભાગ લઈ સુંદર અને હેલ્થી સલાડ બનાવનાર વિધાર્થીઓને તથા વાલીશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# એસ. વી. સ્કૂલમાં યોજાયા 'મોમ્સ રંગોળી' તથા 'દિવા ડેકોરેશન

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં ઓનલાઈન 'મોમ્સ રંગોળી' તથા 'દિવા ડેકોરેશન' પ્રવૃત્તિ યોજાઈ ગયાં, જેમાં જુનિયર અને સિનિયર કે. જી. ના બાળકોએ પોતાની મમ્મી સાથે મળીને ચિરોડીના કલર, ફૂલો, આભલાં વગેરે વસ્તુઓનો ઉપયોગ કરીને વિવિધ રંગોળીઓ બનાવી હતી. આ ઉપરાંત બાળકોએ દિવડાઓ પણ શણગાર્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને આપણા જીવનમાં અને દિવાળીના તહેવારમાં રંગોળી અને દિવડાઓનું મહત્વ સમજાવ્યું હતું. બાળકોએ પણ પોતે પોતાની મમ્મીને રંગોળી બનાવવામાં કઈ રીતે મદદ કરી, તેનું વર્ણન કર્યું હતું. આ સેલિબ્રેશનમાં મમ્મીઓનો ઉત્સાહ અને યોગદાન નોંધપાત્ર રહ્યાં હતાં, જે માટે શાળા પરિવાર વતી તેમનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.





# જન્મદિને વધામણી




**સતિષકુમાર ગણપતભાઈ પ્રજાપતિ**
મો. ૯૫૭૪૩ ૦૩૭૯૫



**હરેશભાઈ ભટ્ટ**
સ્થાપક સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
કલ્ચરલ કમિટી કન્વીનર
સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
ઉપપ્રમુખ
શિવરંજની
ટ્રસ્ટી
પેન્શનર્સ સમાજ, ગાંધીનગર
મો. ૯૮૨૫૩ ૮૭૦૭૮



**અંકિત વિષ્ણુભાઈ પ્રજાપતિ**
મો. ૯૦૧૬૫ ૫૬૪૦૫



**યુવરાજસિંહ પરમાર**
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫




**આર્યન સતિષકુમાર પ્રજાપતિ**
મો. ૯૦૧૬૫ ૫૬૪૦૫



**મિલન જે પ્રજાપતિ**
મો. ૯૭૧૨૧ ૨૫૫૮૧



માસ્ક પહેરો...
કોરોનાથી બચો...



**પ્રશિત મોદી**
મો. ૯૭૨૭૮ ૭૪૦૩૫

# સ્મિત મ્યુઝીકે યોજ્યું મહેશ-નરેશ ફેસબુક લાઈવ ટ્રીબ્યુટ

ગાંધીનગર, તા. ૧૦

અજોડબંધુ સ્વ.મહેશ-નરેશજીને સ્મિતમ્યુજીક દવારા તા.૭મી અને ૮મી નવેમ્બરના રોજ ૧૦.૩૦, ૧૫.૩૦ અને ૨૦.૩૦કલાકે પ્રતિદીન ત્રણ એમ કુલ છ શો યોજાયેલ જેમાં જયોતી ગજજર ,ભરત ગજજર સહીત શહેરના એડવોકેટ, પોલીસબંધુ અધીકારી, ડોકટર્સ, ડેરી તેમજ આઈટીઆઈ કર્મી, સરકારી ઓફીસર, તેમજ પ્રેસ મીડીયા કર્મી વેલડીઓ એમ ૧૫ ઉપરાંત સંગીત રસીક ગાયકોએ હદયભાવથી ગીતોની પ્રસ્તુતીથી સુર-શ્રધ્ધાંજલી આપલે જે દર્શક તેમજ મહનુભવોએ બિરદાવી હતી.

શ્રધ્ધાસુમન આપવા શો કમાંનુસાર ખાસ શહેરના મા.મેયર શ્રીમતી રીટાબેન, સેવાધર્મી ઝીલુભા ધાંધલ, શહેર અગ્રણિયો નિસિતભાઈ વ્યાસ પ્રમુખ. સા.ગણેશ સેકટર-૨૨ અને કીશોર કલાસીસ બલવંત સતઘીરે ગાંધીનગર કશ્યપ નીમાવત , બહમાકુમારી આદરણીય કૈલાસ દીદી,લાયન્સ પ્રમુખ ઉમંગભાઈ અને જેસીઆઈ પ્રમુખ પદમસિંહ, વગેરે મહાનુભવોએ પુષ્પાંજલી અને શબ્દ શ્રધ્ધાંજલી




આપેલ અને શોકની લાગણી વ્યકત કરેલ, અને આ ગુજરાત ગૌરવ બંધુઓને ભાવાન્જલી આપેલ તથા સ્મિત મ્યુજિકની સરાહના કરી હતી.

જયોતી-ભરત ગજજરે લાઈવ-શો થકી શ્રધ્ધાંજલી આપવા જોડાયેલ વ્યુઅર્સ, પધારેલ મહાનુંભવો તેમજ કલાકાર બેલડીઓનો આભાર માનેલ.. જયોતી ગજજરે કાર્યક્રમનું સંકલન કરેલ તેમજ સંચાલન કરતાં ભરત ગજજરે મહાન કલાકારોના સંભારણાં, સંગીત-ગીતો સાથે તાલમેલ જીવન, અદાકારી અને અજોડ વ્યકતીત્વને ભાવસભર શબ્દોથી નવાજયા હતા અને સહુએ પ્રાર્થના કરી હતી.

# બાવળા બી. આર. સી. ભવન અને તાલુકા પ્રાથમિક સંઘ દ્વારા ૩૦૦ બાળકોને મીઠાઈ વિતરણ

ગાંધીનગર, તા. ૧૦

પ્રકાશપર્વ દિવાળી સૌના માટે પ્રકાશિત બને એવા સંકલ્પ સાથે માતા કે પિતા કે બંનેની છત્રછાયા ગુમાવી દીધેલ પ્રભુવત્સલ બાળકો અને દિવ્યાંગ બાળકો માટે 'વાત્સલ્યનું ઝરણું' મંત્ર સાથે બી.આર.સી.ભવન-બાવળા અને બાવળા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા છેલ્લા ચાર વર્ષથી દિવાળી પર્વ નિમિત્તે મીઠાઈ વિતરણ કરવામાં આવી હતી.



બાવળા તાલુકાના ૩૦૦ બાળકોના પરિવાર સુધી પહોંચવાનો એક પ્રયત્ન તાલુકાની શાળાના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રોના આર્થિક અને પ્રેરણાત્મક સહયોગથી કરવામાં આવ્યો અને તેમને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું. સમાજ જીવનમાં આપણા આ પ્રકાશ પર્વની સાચી ઉજવણી માત્ર નિજ દ્વારે જ દિપ પ્રગટે એ નહિ પરંતુ દરેક ઘરે પ્રકાશનુ પ્રતિક એવા દિપનું પ્રાગટ્ય થાય એજ સાચી દિવાળી એજ સાચું પ્રકાશ પર્વ છે.

આ સેવા યજ્ઞમાં ઉપસ્થિત રહેનાર લક્ષ્મણભાઈ ભૂનોત્તર (બીઆરસી કોઓર્ડિનેટર), લાલુભાઈ ડયા (પ્રમુખ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ), અજીતભાઈ રાઠોડ(મહામંત્રી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ), અરવિંદભાઈ પ્રજાપતિ (જીલ્લા પ્રતિનિધિ), નરેન્દ્રભાઈ ઝાલા (કારોબારી સભ્ય ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ), ગીરીશભાઈ મકવાણા (કારોબારી સભ્ય અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ), મોહનભાઈ સોનારા(કારોબારી સભ્ય અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ), વિષ્ણુભાઈ ઠાકોર (તાલુકા માસ્તર) જયેશભાઈ વાઘેલા વગેરેની પ્રેરક ઉપસ્થિતિથી પ્રભુવત્સલ અને દિવ્યાંગ બાળકોના ચહેરા પર સ્મિત લાવવાનો નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



**ગજાનન સેવા સમિતિ દ્વારા દીવાળી પહેલા લાભાર્થીઓને ૧૨ વસ્તુઓનું વિતરણ**

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાનાં છાત્રેશ્વરીમાં ૪૧ લાભાર્થીઓને એલ્યુમિનિયમના તપેલા સાથે ઉપયોગની ૧૧ વસ્તનું વિતરણ થયું હતું. વાંટડામાં ૩૮ લાભાર્થીને વિવિધ વસ્તુઓ આપી હતી. વૃદ્ધને સ્ટીલની સ્ટીક આપી હતી. આ સેવા કાર્યમાં ડૉ. રાજુલ જોષી, દેવ, મહર્ષિ સુથાર તથા મિલિન્દ ગુપ્તે સાથે હતા. રવિવારે યોજાયેલ આ કાર્યમાં ખીચડી શાકનો લાભ ૩૫ લાભાર્થીએ છાત્રેશ્વરી મુકામે લીધો હતો. સાથે નાસ્તો રાધે તતા શીવોહમ્ તરફથી મળ્યો હતો.

# "The Times Of India - Emerging Icons Of Gujarat, 2020" ના એવોર્ડ દ્વારાસન્માનિત




ગાંધીનગર, તા. ૧૦

છેલ્લા ૧૫ વર્ષ થી હજારો વિદ્યાર્થીઓના ડૉક્ટર બનવાના સ્વપ્ન ને સાકારીત કરતી સંસ્થા "Making Doctors Organization" તથા "Dr. Bhatia Medical Coaching Institute, Gujarat" ના Director ઉમંગ પટેલ ને તારીખ ૦૭-૧૧-૨૦૨૦ ના રોજ ગુજરાત રાજ્યના Dy. Chief Minister & Health Minister નિતીન પટેલ ના હસ્તે "The Times Of India - Emerging Icons Of Gujarat, 2020" ના એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

કોરોના જેવી મહામારીના કાળમાં પણ Positivityના પરસેવાથી વિદ્યાર્થીઓનું સતત ધ્યાન રાખી તેમજ નવા રસ્તાઓ અને નવી તકો ઉભી કરી આગળ વધી રહેલા MDO તેમજ DBMCI GUJARAT નાં પ્રયત્ન ને આજે પ્રોત્સાહન મળેલ છે.

ઉમંગ પટેલ ધ્વારા દેશ તેમજ વિદેશમાં મેડિકલ અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ તેમજ તેમના પર વિશ્વાસ મૂકવાવાળા વાલીઓ ને તથા મેડિકલ માં પ્રવેશ માટે માર્ગદર્શન આપવાવાળા Doctors, Educational Experts & Career Counsellors ની Team નો સહિયારો એવોર્ડ ગણાવ્યો હતો.

તથા અવિરતપણે વધુ માં વધુ ડોકટર્સ નિર્માણ કરી ગતિશીલ ગુજરાત ના Vibrant Prime Minister નરેન્દ્રભાઈ મોદી નું Healthy India નું સ્વપ્ન સાકારીત કરવા નો Team MDOનો પ્રયત્ન જે ખૂબ પ્રશંસનીય છે.




ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટીયર યુનિટ દ્વારા 'ફિટ ઈન્ડિયા' મુવમેન્ટ અંતર્ગત તા. ૯મી નવમ્બરે સવારે ૨૧ કિમીની હાફ મેરેથોન રનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોન દોડ બીએસએફ કેમ્પસથી શરૂ કરીને વાયુસેના ચોક થઈને આઈઆઈટી ગાંધીનગર સુધી ગયા પછી ત્યાંથી તેજ માર્ગે પરત ફરી હતી. આ મેરેથોનમાં બીએસએફના ગાંધીનગર ખાતેના કેમ્પસના અધિકારીઓ તથા કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# 'સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધઝ યર' ઈન્ડિયા એવોર્ડ ૨૦૨૦ માટે ચાર શ્રેષ્ઠ સમાજ સુધારક સ્પર્ધા

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની પેટા કંપની શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપ અને જ્યુબિલન્ટ ભારતીય ગૃપની બિન નફાકારક સંસ્થા જ્યુબિલન્ટ ભારતીયા ફાઉન્ડેશને આજે ૧૧માં સોખિયલ એન્ટરપ્રિયોર ઓફ ધ યર (SEOY)- ઈન્ડિયા એવોર્ડ, ૨૦૨૦ના ફાઈનાલિસ્ટની આજે જાહેરાત કરી હતી.

ઉદ્યોગ માંધાતાઓ અને વિવિધ ક્ષેત્રના અગ્રણી વ્યક્તિઓને સમાવતી પ્રતિષ્ઠિત જ્યુરી દ્વારા વિજેતાની પસંદગી કરવામાં આવશે. SEOY ઈન્ડિયાના વિજેતા શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપ કોમ્યુનિટીમાં જોડાશે. જે આખા વિશ્વના સમાજ સુધારકનું એક પ્રતિષ્ઠિત નેટવર્ક છે.

SEOY, ઈન્ડિયા એવોર્ડ ૨૦૨૦ તરીકે નીચે જણાવેલ કુશળ સમાજ સુધારકોની પસંદગી કરવામાં આવી છે.

૧. સુજય સાંત્રા, આઈક્યુર, કોલકાતા

૨. સંદીપ પટેલ, NEPRA, અમદાવાદ

૩. અશરફ પટેલ, પ્રવાસ એન્ડ કોમ્યુનિટી, નવી દિલ્હી

૪. મધુ પંડિત દાસા, ધી અક્ષય પાત્ર ફાઉન્ડેશન, બેંગાલુરૂ

આ સમાજ સુધારકોને પસંદગી વિવિધ પરિણામોના આધારે મૂલ્યાંકનની કઠોર પ્રક્રિયા દ્વારા કરવામાં આવી છે. જેમાં પૃષ્ઠભૂમિ સંશોધન, વ્યક્તિગત અને ઓન-ગ્રાઉન્ડ ટીમ ક્રિયા પ્રતિક્રિયાઓ, અસર આકારણી, નિષ્ણાતની સમીક્ષાઓ અને અન્ય લોકો વચ્ચે સંદર્ભ તપાસનો સમાવેશ થાય છે. પસંદ કરેલા ફાઈનાલિસ્ટસ ટેક-સક્ષમ, વેસ્ટ મેનેજમેન્ટ, ગ્રામીણ આરોગ્ય, યુવા નેતૃત્વ અને બાળકોમાં કુપોષણના ક્ષેત્રોમાં કાર્યરત કુશળ સામાજિક ઉદ્યમીઓ છે.